# ભાજપ એક્શનમાં : કોર કમિટી વિસ્તારાઈ

## ગુજરાત ભાજપની કોર કમિટીમાં નવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો : આજે વધુ ત્રણ નેતાઓને કોર કમિટીમાં લેવાયા છે : આ ત્રણ નેતાઓમાં ભરત બોઘરા, આર.સી. ફળદુ અને ભારતીબેન શિયાળનો સમાવેશ કરાયો

ગાંધીનગર, તા. ૨૧

આવનારી વિધાનસભા ચૂંટણીને લઈ તમામ રાજકીય







પક્ષો હાલ એક્ટિવ મોડ પર છે. ત્યારે આજે ભારતીય જનતા પાર્ટીએ પોતાની કોર કમિટીમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. આજે ગુજરાત ભાજપે કોર કમિટીમાં નવા ૩ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પહેલાં ભાજપની કોર કમિટીમાં કુલ ૧૨ સભ્યોનો સમાવેશ કરાયો હતો.

આજે ભારતીય જનતા પાર્ટીએ સિનિયર નેતાઓની કોરો કમિટીમાં ફેરફાર કર્યો છે. અગાઉ વિજય રૂપાણી, નીતિન પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમાના નામોનો આ કમિટીમાં સમાવેશ કરાયો હતો.

કેન્સ વિલે ખાતે મળેલી બેઠક વખતે વિજય રુપાણી, નીતિન પટેલ અને ભુપેન્દ્રસિંહ ચુડાસમાના નામોનો સમાવેશ કરાયો હતો. ત્યારે હવે આજે વધુ ત્રણ નેતાઓને કોર કમિટીમાં લેવાયા છે. આ ત્રણ નેતાઓમાં ભરત બોઘરા, આર.સી. ફળદુ અને ભારતીબેન શિયાળનો સમાવેશ થાય છે. આમ હવે ૧૨ સભ્યોની અગાઉની કોર કમિટીમાં કુલ નવા ૬ ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું છે.

થોડા મહિનાઓ પહેલાં ગુજરાત ભાજપે સિનિયર નેતાઓની કોર કમિટીમાં કુલ ૧૨ સભ્યોને લીધા હતા. ત્યારે હવે કુલ ૬ નેતાઓને નવી કોર કમિટીમાં સ્થાન અપાયું છે. આ ૬ નેતાઓમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, નીતિન પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, આર. સી. ફળદુ, ભારતીબેન શિયાળ અને ભરત બોધરાનો કોર કમિટીમાં સમાવેશ થયો છે. આ દરમિયાન આજે ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બીએલ સંતોષ ગુજરાતના પ્રવાસે આવ્યા છે. ત્યારે પ્રદેશ કાર્યાલય 'કમલમ' ખાતે રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બીએલ સંતોષના અધ્યક્ષ સ્થાને પ્રદેશ મોરચાના પ્રભારીઓ તેમજ અધ્યક્ષોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આવનારી વિધાસભા ચૂંટણીને લઈ પ્રદેશ સંગઠન વિશે ચર્ચા કરવામાં આવી હતી.

## હવે, મંત્રીમંડળમાં નવા પાંચ ચહેરા ઉમેરાશે : સંગઠનમાં પણ પરિવર્તનના સંકેત

### ચૂંટણી પૂર્વે મંત્રીમંડળ અને સંગઠનના પ્રદેશ માળખામાં ફેરફારોના ભણકારા

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પૂર્વે રાજ્ય મંત્રીમંડળમાં વધુ પાંચ નવા ચહેરાઓનો સમાવેશ અને સંગઠનના માળખામાં પણ કેટલાક મહત્વના ફેરફારો આગામી સપ્તાહમાં થવાની રાજકીય અટકળોએ આજે બીજે દિવસે પણ પાટનગરના રાજકીય માહોલમાં ગરમાવો જાળવી રાખ્યો છે.

સંગઠનના રાષ્ટ્રીય મહામંત્રી બી.એલ. સંતોષ આજે સવારે ગાંધીનગર આવી પહોંચ્યા છે અને તેમણે સંગઠનના વિવિધ મોરચાઓ તેમજ સંગઠનના કેટલાક પ્રભાગોની કામગીરી અંગે સમીક્ષા હાથ ધરી હતી.

આજે મોડી સાંજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિવાસસ્થાને કોર કમિટીની પણ બેઠક યોજાઈ હતી. જેમાં ચૂંટણીની રણનીતિની તૈયારીઓ અને સરકારના રિપોર્ટ કાર્ડ પર ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

કોર કમિટીની બેઠકને આજે વધુ મહત્વની ગણવામાં આવી રહી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યુ છે.

રાજકીય વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે આજે ગાંધીનગર આવેલા સંગઠનના રાષ્ટ્રીય મહામંત્રી બી.એલ. સંતોષ માત્ર બેઠકો પર જ પોતાનું ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ તેમજ બેઠકો દરમ્યાન વિવિધ મોરચાઓ દ્વારા કાર્યક્રમોના અમલીકરણ અને જનસંપર્ક અભિયાનની ઉદાસીનતાને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

તેમણે આજની આ બેઠકોના સિલસિલા વચ્ચે સંગઠનમાં પણ ફેરફારો થવાના સંકેત આપ્યા હોવાનું જાણવા મળેલ છે.

કોંગ્રેસમાંથી આવેલા કેટલાકને સંગઠનમાં સ્થાન આપવા બાબતે પણ ભાજપમાં વિચારણા હાથ ધરાઈ હોવાનું બિન સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જોકે કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા તમામને ટિકિટો આપવામાં નહિ આવે તે પણ એટલુ જ સ્પષ્ટ છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં ત્રણ દિવસથી વરસાદનો વિરામ : સિઝનનો ૨૨.૫ ઈંચ વરસાદ

### વરસાદની ગેરહાજરી વચ્ચે વાતાવરણમાં ઉકળાટનુ જોર વધ્યુ નગરજનો બફારાથી પરેશાન

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદની ગેરાહાજરી વચ્ચે નગરજનો વાતાવરણમાં ઉકળાટ અનુભવી રહ્યા છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૫૬૬ મી મી વરસાદ નોંધાયો છે. ત્રણ ચાર દિવસથી વરસાદી વાદળો દુર હટતા શહેરીજનો દિવસ દરમિયાન ઉકળાટ અનુભવી રહ્યા છે. સેકટરોમાં પણ વરસાદી સમસ્યાઓ ઉભરાતી નજરે પડે છે. શહેરમાં સિઝનના સરેરાશ વરસાદની સાપેક્ષમાં સિઝનનો ૭૫ ટકા વરસાદ થઈ ગયો છે.

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદે વિરામ લીધો છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં ગોરંભાયેલા કાળા ડીબાંગ વાદળો વચ્ચે વરસાદી છાંટણા યથાવત રહેતા સેકટરોમાં સતત ભીંજારો છવાયેલો જોવા મળતો હતો. રોજબરોજ હાજરી પુરાવી જતા વરસાદના લીધે સેકટરોમાં હળવા ભારે વરસાદી ઝાપટા વચ્ચે ઠેર ઠેર પાણીના ખાબોચિયા ઉભરાતા જોવા મળતા હતા. જયારે વરસાદી મોસમે ગત દિવસોમાં જમાવટ કર્યા બાદ છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણ ચોખ્ખુ જોવા મળે છે. આકાશમાં પણ આછેરા વરસાદી વાદળોની અવરજવર વચ્ચે દિવસ દરમિયાન વાતાવરણમાં ઉઘાડ જોવા મળે છે. આજે પણ સવારથી વાતાવરણ ચોખ્ખુ જોવા મળ્યુ હતુ. જો કે વરસાદી વાયરા વચ્ચે ભેજનુ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં મતદાર નોંધણીની ખાસ ઝુંબેશ હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં આજે સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા ઝુંબેશના સઘન ઝુંબેશના પ્રથમ રવિવારે રાજ્યના અધિક મુખ્ય ચૂંટણી અધિકારી અશોક માણેકે જિલ્લાની મુલાકાત લીધી હતી.

આજે ખાસ સઘન ઝુંબેશ અભિયાન હેઠળ જિલ્લામાં ૧૩૫૦ મતદાન મથકો પર બુથ લેવલ ઓફિસરો દ્વારા મતદાર નોંધણી, નામ કમી કરવા, સુધારા-વધારા અને મતદારયાદીનું નામ આધાર સાથે જોડવાના ફોર્મ સીકાર્યા હતા. રાજ્યના અધિક મુખ્ય ચૂંટણી અધિકારી અશોક માણેક ઉપરાંત જિલ્લાના ચૂંટણીના અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ તેમજ ઝોનલ ઓફિસરોએ બુથોની મુલાકાત લીધી હતી. આજની આ ઝુંબેશ દરમ્યાન મતદારોએ સારો પ્રતિસાદ આપ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં હજુ પણ રવિવારે આવી ઝુંબેશ યોજાશે. દરમ્યાન આગામી એકાદ સપ્તાહમાં ચૂંટણી પંચની ટીમ રાજ્યના પ્રવાસે આવે અને આ ઝુંબેશની કામગીરીની સમીક્ષા કરશે તેવા સંકેતો મળી રહ્યા છે.

## શહેર-જિલ્લામાં સતત બીજે દિવસે સ્વાઈન ફ્લુના વધુ ૪ કેસ નોંધાયા

### કલોલના શેરીસામાં ૬ મહિનાનું બાળક સ્વાઈન ફ્લુમાં સપડાયું : ગાંધીનગર શહેરમાં ૩ વર્ષનું બાળક સહિત વધુ ૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કહેર વચ્ચે સ્વાઈન ફ્લુએ પણ સપાટો બોલાવતાં તંત્રમાં ચિંતાની લાગણી વ્યાપક બની છે. શહેર-જિલ્લામાં આજે સતત બીજે દિવસે સ્વાઈન ફ્લુના વધુ ૪ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો વધી રહ્યા છે. તેમાંય નાના બાળકો આ રોગની ઝપેટમાં આવી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે શહેરમાં એક અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક એમ બે બાળકો સ્વાઈન ફ્લુની ઝપેટમાં આવ્યા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસમાં આજે નોંધાયેલા કેસ સાથે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૨૬ પર પહોંચી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલે દોઢ વર્ષની નાની બાળકીનું સ્વાઈન ફ્લુની સારવાર દરમ્યાન મોત થયુ છે.

આજે બે નાના બાળકોના નોંધાયેલા કેસોમાં કલોલ તાલુકામાં ૬ મહિનાની બાળકી અને શહેરમાં ૩ વર્ષના બાળકનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુના ૩ કેસ બાળકોમાં નોંધાયા છે જયારે શહેરમાં એક કેસ બાળકનો નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## પંચાયત સંકુલની સક્ષમતા અને ટકાઉપણા અંગે પ્રાથમિક અભ્યાસ પૂર્ણ

### સંકુલના વિવાદનો નવો વળાંક રાજકીય વર્તુળોમાં ચર્ચા સ્થાને

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના મકાનની સક્ષમતા અને ટકાઉપણા અંગે સુરતની ઈજનેરી કોલેજની ટીમે તેનો પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરી લીધો છે.

આ ટીમે ગઈકાલે પંચાયત સંકુલ કચેરીની સંપૂર્ણ મુલાકાત કરી હતી તેમજ ઈજનેરી તકનીકી તપાસ કરી હતી. આ પછી આ ટીમે પંચાયતના બાંધકામ શાખાના અધિકારીઓ સાથે બેઠક પણ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે આ ટીમે પ્રાથમિક તપાસ બાદ ૧૫ દિવસમાં સંકુલની સક્ષમતા અને ટકાઉપણાને લઈ પોતાનો પ્રાથમિક અહેવાલ આપશે. પ્રાથમિક અહેવાલ આવ્યા બાદ આ ટીમ ડિટેઈલ અભ્યાસ કરી પોતાનો આખરી અહેવાલ આપશે. ટીમે હાલ પાણીના નિકાલની વ્યવસ્થા, પિલરની મજબુતાઈ, રૂમોની દિવાલની મજબુતાઈ, યુરિનલ્સની વ્યવસ્થા તેમજ સીડીના ટકાઉપણા ઉપરાંત વિવિધ પાસાઓની ચકાસણીની કામગીરી કરી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયતનું સંકુલ ૧૯૭૮માં નિર્માણ પામ્યુ હતુ. આજે આ સંકુલને ૪૦ વર્ષ કરતાં પણ વધુ

**મકાનની સક્ષમતા અને ટકાઉપણા અંગે સુરતની ઈજનેરી કોલેજની ટીમે તેનો પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરી લીધો**

સમય થયો હોવાથી તેના ટકાઉપણા અને સક્ષમતા અંગેની ચકાસણી કરાવવા માટે સામાન્ય સભાએ મંજૂરી આપી હતી. રૂ. ૩.૫૦ લાખના ખર્ચે આ અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે.

જિલ્લા પંચાયતનું સંકુલ જુનુ થયુ છે તેમજ જિલ્લાની હદમાં વધારો કરાયા પછી પણ નવા સંકુલ માટે સરકારમાં વારંવારની રજુઆત પછી નવી જગ્યા ફાળવવામાં આવતી નથી અને સરકાર દ્વારા નિર્ણય પણ કરવામાં આવતો નથી.

દરમ્યાન જિલ્લા પંચાયત સંકુલ માટેની નવી જગ્યાને લઈ ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે જે ખાઈ પડેલી છે તેને લઈ સરકારે પણ કોઈ ઉતાવળ દાખવી નથી અને આ આખોય મામલો વિચારાધીન હોવાનું સચિવાલયના સૂત્રો કહી રહ્યા છે.

એક તરફ તાજેતરમાં પંચાયતે સ્વભંડોળમાંથી આગમાં નુકશાન પામેલ આંકડા કચેરીનું રૂ. ૩૫ લાખથી વધુના ખર્ચે રિનોવેશનની કામગીરી પૂર્ણ કરી છે એટલે સરકાર દ્વારા પણ નિર્ણય લેવામાં વિલંબ થઈ રહ્યો હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.



ગાંધીનગરમાં આજકાલ જાતભાતની ખુરશીઓ વેચવાવાળા વેપારીઓની સંખ્યા વધી ગઈ છે. ટેમ્પો ભરીને નીકળતા આ ફેરીયાઓ-વેપારીઓ સવારથી સાંજ સુધી સેક્ટરોમાં ફરે છે અને વેપાર કરે છે. મધ્યપ્રદેશથી આ ખુરશીઓ અહી વેચાવા માટે આવી છે.

## સંક્રમણ ઘટ્યુ : શહેરમાં નવા ૭ કેસ : ગ્રામ્યમાં નવા ૨ કેસ

### શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં કોબામાં ૨ કેસ ઉપરાંત જીઈબી, રાંદેસણ, પેથાપુર, સે. ૪ અને સરગાસણમાંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટી જવા પામ્યુ છે. શહેરમાં આજે કોરોનાના વધુ ૭ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતારની સ્થિતિ વચ્ચે રિકવરી રેટ જે ઝડપથી સુધરી રહ્યો છે તેને લઈ તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. શહેર-જિલ્લામાં આજે ૫૧ દર્દીઓ રિકવર થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ દર્દીઓ અને શહેરમાં ૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં સંક્રમણ ઘટતાં રિકવરી રેટ ૯૫ ટકાને પાર કરી ગયો છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ સુધરતા હવે એકટીવ કેસોની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે. તંત્રએ તેની સઘન સર્વેલન્સ વચ્ચે વેક્સિનેશન અભિયાનની ઝુંબેશને વધુ અસરકારક બનાવવા પર ભાર મુક્યો છે.

શહેર-જિલ્લામાં સંક્રમણ ઘટ્યુ હોવાનું આડકતરો એકરાર કરતાં તંત્રના સૂત્રો કહી રહ્યા છે કે પર્વો અને ઉત્સવોના માહોલ વચ્ચે ટેસ્ટીંગનું પ્રમાણ ઘટ્યુ છે તે વાત સાચી પરંતુ સંક્રમણ નિયંત્રણમાં છે અને તંત્રના અધિકારીઓ સતત પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ નોંધાયા છે. ગાંધીનગર અને કલોલ તાલુકામાં એક એક કેસ નોંધાયેલ છે.

આજે ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી ૩૧ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે, જ્યારે કલોલમાં કસ્તાનપુર ગામેથી એક ૩૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં ૪૫૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે રજાના દિવસે ૯૦૦થી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૭ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં બે મહિલા અને બે બાળ દર્દીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં આજે કોબા ગામેથી એક ૮ વર્ષની દિકરી અને સરગાસણ ગામેથી ૨ વર્ષનું નાનુ બાળક સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં કોબામાં ૨ કેસ ઉપરાંત જીઈબી, રાંદેસણ, પેથાપુર, સે. ૪ અને સરગાસણમાંથી કેસ મળ્યા છે. આજે નોંધાયેલ તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા તમામ કેસ લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયાનું જાણવા મળેલ છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે તાકીદ કરી છે.

## પંચાયત કર્મચારી મહામંડળ પણ હવે આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ કર્મચારી સંગઠનોએ પણ તેમની પડતર માંગણીઓને લઈ આંદોલનનો આરંભ કરી દીધો છે.

રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ, તલાટી મહામંડળના આંદોલનો હાલ ચાલી રહ્યા છે ત્યારે આજે પંચાયત કર્મચારી મહામંડળની બેઠક પણ ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલમાં મળી હતી.

બે કલાક ચાલેલી આ બેઠકના અંતે આગામી ૨૪ અને ૨૫મીના રોજ જિલ્લા આગેવાનો સાથે બેઠકો કરી આંદોલનાત્મક કાર્યક્રમોને આખરી ઓપ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

તલાટી મંડળના આંદોલનને કારણે ગ્રામ્ય વિસ્તારમાં વિકાસ અટકી ગયો છે એટલુ જ નહિ તેની વિપરીત અસરો ગ્રામ્ય જનજીવન પર પડતી જોવા મળી રહી છે. વેરા વસુલાતની કામગીરી અટકી પડી છે તેમજ પંચાયતોના વેરાઓની આવક જે રીતે ઘટી રહી છે તેને લઈ પંચાયતોની આર્થિક સ્થિતિ પર પણ વિપરીત અસરો આગામી દિવસોમાં જોવા મળશે. ખેડૂતોના પાણી પત્રકો પણ બનાવવાની કામગીરી ખોરવાઈ છે.

આરોગ્ય કર્મચારી મહાસંઘે આપેલા નો રિપોર્ટીંગને કારણે રાજ્યમાં રોગચાળાની સાચી સ્થિતિનો અંદાજ પણ તંત્રને નથી મળી રહ્યો. આરોગ્ય કર્મચારી મહાસંઘે અગાઉ પણ આજ આંદોલન કર્યુ હતુ અને જે અસરો થઈ હતી તેની અસરોમાંથી હજુ આરોગ્ય સત્તાવાળાઓ બહાર આવી શક્યા નથી તે પણ હકીકત છે.

આરોગ્ય કર્મચારી મહાસંઘના નો રિપોર્ટીંગ આંદોલનને કારણે વાઈરલ રોગચાળો, વાહકજન્ય રોગચાળો જે વકરી રહ્યો છે તેનુ સાચુ ચિત્ર સરકાર પાસે પણ ઉપલબ્ધ નથી.

સરકાર અને કર્મચારી સંગઠનો જે રીતે સામ સામે આવી રહ્યા છે તેની અસરો આગામી ચૂંટણીઓમાં પડે તેવી સંભાવનાઓને લઈ રાજકીય વર્તુળોમાં ચર્ચા અને અટકળો ચાલી રહી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com